॥ ॐ श्री गणेशायनमः ॥

શુકલા કૃષ્ણા ચતુર્થિ વ્રત નિર્ણય:

સનાતન વૈદિક ધર્મની મર્યાદામાં ૐકાર સ્વરૂપ શ્રી મહાગણપતિ, શિવ, વિષ્ણુ, સૂર્ય અને શક્તિની અનુક્રમ ઉપાસના વેદોક્ત અને અભેદ સ્વરૂપે વેદશાસ્ત્ર, સ્મૃતિ પુરાણોમાં વર્ણવાયેલી છે. છતાં કાળબળના પ્રમાણમાં અત્યારે એકએક નામથી આગ્રહી ઉપાસનાઓ પ્રસિદ્ધ રીતે આ ભારતવર્ષમાં પ્રવર્તરૂપ છે. તેમાં વ્યાપક સ્વરૂપ એક અને અદ્વૈત પરબ્રહ્મ પરમાત્માના સ્વસિદ્ધાન્ત રૂપ અસ્તિત્વ મર્યાદાનું સેવન ભેદ બુદ્ધિના ત્યાગની સાથે માત્ર સનાતન વૈદિક ધર્મના શુદ્ધ શ્રેણીવાન પુરૂષો સમજે છે.

શિવ, વિષ્ણુવાદિકની આગ્રહી ઉપાસનામાં કદાપિ કદાપિ આગ્રહી વ્રતાદિનું સેવન કરવા તેમના તેમના પુરાણોમાં વર્ણન હોય. એ સ્વાભાવિકજ છે. અને તેવાંજ પ્રમાણો ૐકાર સ્વરૂપ શ્રી મહાગણપતિ, અને દેવી પુરાણ વા સૂર્યને માટે એટલે તેમનાં તેમનાં વ્રતોને માટે તેમનાં તેમનાં પુરાણોમાં વર્ણન પણ છે. અને તે સર્વજનોને અભેદરૂપે માન્ય કરવાને સૂચન કરેલું પણ છે. પણ તે સમજમાં ન આવ્યા જેવા દાખલાઓ બન્યા હોય તો સનાતન વૈદિક ધર્મની અભેદ ઉપાસનાના યોગ્યાધિકારીઓને તે જાણવાને મુશકેલીઓ જણાય છે.

વિષ્ણુ આદિકનાં કેટલાંએક વ્રતો સંપ્રદાયિક આચાર્યોના વિચરણથી વિશેષ પ્રસિદ્ધિમાં છે. પણ સનાતન વૈદિક ધર્મની અભેદ ઉપાસના માર્ગના વક્તા વેદ, શાસ્ત્ર, સ્મૃતિ, પુરાણના અભ્યાસી સંત યોગીજનો હોવાથી તેઓના સહવાસ વિના અભેદ વ્રતો ગૌણસ્થીતિને પામેલા જેવાં જણાય છે. કેમકે પાશ્ચાત્ય વિદ્યાના અનુકરણની વૃદ્ધિ હોવાથી આપણાં ધર્મશાસ્ત્રો અને પુરાણોના અભ્યાસકોની ખોટ પડી છે. અને તે પોતાના સ્વધર્મના અભિમાની શિવાય સાધ્ય થઈ શકેજ નહિં. તે તરફ ધ્યાન આપવા જેવું છે.

આ સર્વમાં પ્રથમજ ૐકારાકૃતિ સ્વરૂપ શ્રીમન્મહા ગણપતિની ઉપાસના અને વેદોક્ત પુરાણોક્ત યાવત્ કર્મના અધિષ્ઠાની સ્વરૂપ આદી પ્રભુ શ્રી મહાગણપતિના અભેદપણાને યાવત્ વર્ણાશ્રમના વિવેકી શ્રદ્ધાવાન અને શિવ વિષ્ણુઆદિ નામથી ઉપાસના કરનારાઓ પણ માન્ય કરી રહ્યા છે.

શ્રી ગણપતિ નામથી ઉપાસના કરનાર ભક્તજનો ગણસહિત પતિની ઉપાસનાના અભેદ યોગને ધારણ કરી શિવ, વિષ્ણુ, સૂર્ય શક્તિને તેમના અભેદ સ્વરૂપે માને છે તેથી ન્યુનાધિકતાને માર્ગ નથી એટલુંજ નહિં પણ અભેદ સ્વરૂપમાં નિંદા અસ્થાને છે જેથી પૂર્ણ રીતે સનાતન વૈદિક ધર્મનો સ્વ સિદ્ધાન્ત સાચવનાર માત્ર પંચાયતનના ઉપાસકોજ છે એમ સર્વત્ર માન્ય સ્વરૂપ છે.

સનાતન વૈદિક ધર્મની અભેદ શ્રેણી આગ્રહી પંથમતાદિકના નિયામકોના તેવા બોધથી ગૌણ દશાને પામી છતાં તેજ ઉચ્ચ સ્થાને છે. એવા વિચારવાન પુરૂષોની સંપૂર્ણ જાગૃતીને માટે તથા

યોગ્યાધિકારીની પ્રેમભક્તિની વૃદ્ધિને ખાતર થયેલી શુભેચ્છાને માટે શ્રી મહાગણપતિની શુકલા કૃષ્ણા ચતુર્થિના વ્રતનો ટુંક સારાંશ પ્રગટ કરવો ઉચિત ધાર્યો છે. તો આ સર્વમાન્ય સિદ્ધાન્તને યોગ્યાધિકારી પુરૂષો યથા સન્માન આપશે.

શ્રુતિઓના અનુવાદપૂર્વક મર્યાદામાંજ મહત્ અર્થવાળી ભાવના પુરાણોની ગાથા રૂપે સામાન્યજનોને વેદ અર્થની સંપૂર્ણતા સમજાવે છે. અને પુરાણના વક્તા જો તે બ્રહ્મવિદ્યા સ્વરૂપ તત્વદૃષ્ટિએ સમજાવે છે. તો બરાબર સમજાવી શકે છે. માટે અધિકાર જેટલોજ વિચાર થઈ શકે એ સ્વભાવિકજ છે. હવે ચતુર્થિને માટે પુરાણોક્ત કથા એવી રીતે છે કે—

પૂર્વે સૃષ્ટિના આરંભકાળમાં લોક પિતામહ શ્રી બ્રહ્માજીએ જીવોની સ્થીતીના કાલના અર્થને માટે પોતાના મનથી શ્રી પૂર્ણ ૐકાર સ્વરૂપ અથવા ૐકારાકૃતિ સ્વરૂપ શ્રી મહાગણપતિનું ચિંતવન કર્યું તેથી તત્ પરમાત્માની કૃપારૂપ બ્રહ્માજીના દિવ્ય શરીરથી પ્રકૃતિ નીકળી કે જે મહામાયા અને સર્વ તીર્થીઓની જનની કહેવાય છે. તે ચાર હાથ અને ચાર પાદ તથા ચાર મુખવાળી છે. તેણે બ્રહ્માજીને નમસ્કાર પૂર્વક સ્તુતિ કરી કહ્યું કે હું તમારા અંગથી નીકળી છું માટે મને આજ્ઞા કરો. વગેરે કહેવાથી પ્રજાપતિએ કહ્યું કે ગણેશજીનું ચિંતવન કરીને વિચિત્ર સૃષ્ટિ કરો. એમ કહી તેને ઉપદેશ પૂર્વક ષડાક્ષર મહામંત્રનું વિધાન સમજાવી દિક્ષા આપી. પ્રકૃતિએ વનમાં વસીને તપ કીધું બ્રહ્માનાં એક હજાર વર્ષ જતાં શ્રી ગણેશજી પ્રસંન્ન થયા ને કહ્યું કે હે દેવી !!! તારા નિરાહાર રહી કરેલા તપથી હું પ્રસંન્ન છું. ઇચ્છા

હોય તે માગો. પ્રભુના વચનથી દેવી કહેવા લાગી કે હે પ્રભુ!!! જો પ્રસન્ન છો તો તમારાજ વિષે સ્થિરતા આપો તથા ભક્તિ આપો અને સૃષ્ટિકાર્ય સામર્થ્ય આપો–વળી તમારા હૃદયને પ્રિય રૂપે રહેતાં કદાપિ પણ તમારો વિયોગ ન રહે એમ કૃપા કરો, એવા ઉચ્ચારપૂર્વક પ્રભુ હૃદયાંતરગત શ્રી મહાગણપતિએ કહ્યું કે સર્વ તીથીઓની માતા સ્વરૂપે તું ચતુર્થિ એવી સંજ્ઞા-રૂપ થા અને મારા વામ ભાગમાં કૃષ્ણા ચતુર્થિ નામથી અને દક્ષિણ ભાગમાં શુકલા ચતુર્થિ એવા પ્રસિદ્ધ નામથી રહે. વળી અતિ પ્રસન્નતાથી કહું છું કે ભકતજનોના કલ્યાણાર્થ આવિર્ભૂત કે પ્રાદુર્ભૂત થતા મારા અવતારોની તીથી સ્વરૂપ તું છે અને તારા વ્રત સમાન અન્ય વ્રત નથી. એમ અભય વરદાન આપી પ્રભુ અંતર્ધાન થયા.

પ્રભુના વરદાનથી સંતોષ પામેલી પ્રકૃતિએ કૃષ્ણા ભાગ-માંથી કૃષ્ણપક્ષ અને શુકલા ભાગમાંથી શુકલ પક્ષ અને પંદર તિથિ સ્વરૂપ ધારણ કર્યું અને તે સર્વ પોતાના અંગમાંથી તિથિનો પ્રકાશ કર્યો–ત્યાર પછી સર્વ તીથીઓની માતા સ્વરૂપ આ ઉભય ચતુર્થિનામક પ્રકૃતિએ પુનઃ ગણપતિ મહારાજને પ્રસંન્ન કરવા તપ આરંભ્યું. શુકલા ચતુર્થિને મધ્યાન્હ સમયે અને કૃષ્ણા ચતુર્થિને ચન્દ્રોદય સમયે પ્રભુ પ્રસંન્ન થયા.

શુકલા ચતુર્થિને વરદાન આપ્યું કે હે દેવી ! ! ! મને મધ્યાન્હે પ્રસંન્ન કરી મારાં દર્શન કીધાં છે તેથી મધ્યાન્હે શિવાદિ દેવો મારૂં પૂજન કરે છે. અને તેજ મારૂં મુખ્ય વ્રત છે. નિરાહારી રહી આ શુકલા ચતુર્થિનું મારૂં વ્રત કરનારને

ચાર પ્રકારના પુરૂષાર્થનું ફળ આપું છું. અને આજથી તારૂં નામ વરદા શુકલ ચતુર્થિ એમ કહેવાશે–મને અત્યંત પ્રિયરૂપ અને મારી જન્મતિથિ રૂપની યાદમાં સનાતન વૈદિક ધર્મ માન્ય કરનારા જનોએ તે દિવસે ઉપોષણ કરવું. અને પંચમીને દિવસે પારણાં કરી અન્ન લેવું તેનું પ્રમાણ.

गणेशस्य प्रियात्यंतमिति जन्म तिथिः स्मृता
तस्यांमुपोषणं कार्यं नरैरात्माहितेप्सुभिः ॥
पंचम्यां पारणं दक्ष कर्त्तव्यं द्विज साक्षिकं ॥
चतुर्विधं फलं तैश्च संप्राप्तं नात्रसंशयः ॥
यद्यादिच्छति तत्तत्स लभते व्रतकारकः ॥
अंते स्वानंद गो भूत्वा सायुज्यं ब्रह्मणस्तथा ॥
तव व्रते नराः पापा अन्नं भक्षंति चेत्प्रियं ॥
नरकास्ते भविष्यन्ति हिना अन्नैः पुनर्जनौ ॥

मौद्गले पु. खं. ४ अ. २

અર્થ—તે દિવસથી શુકલા ચતુર્થિ ગણેશજીને અત્યંત પ્રિય અને ગણેશના અનંત અવતારોની તિથિ છે. તે દિવસે પોતાના આત્માનું હિત ઇચ્છનારાએ ઉપોષણ એટલે અપવાસ કરવો અને પંચમીને દિવસે બ્રાહ્મણની સાક્ષી સાથે પારણાં કરી અન્ન લેવું. તેથી આ વ્રત ચાર પ્રકારના પુરૂષાર્થનું ફળ આપે છે. વ્રત કરનાર જે જેવી ઇચ્છા કરે છે તે તેવા ફળને મેળવે છે. અને અંતે

શ્રી મહા ગણપતિના સ્વાનંદ લોકને પામે છે. શુકલા ચતુર્થિના વ્રતને દિવસે જે માણસ અન્ન ખાય છે—તે પોતાના પાપનેજ ખાય છે. નરકને પામે છે. અને અન્ય જન્મ લેતાં અન્ન દારિદ્રતા સેવે છે.

હવે કૃષ્ણા ચતુર્થિને કૃષ્ણ પક્ષની ચતુર્થિને દિવસે ચન્દ્રોદય સમયે શ્રી મહા ગણપતિએ પ્રસંન્ન થઇ વરદાન આપ્યું છે કે—

चन्द्रोदये त्वयाहं वै प्राप्त स्तेन चतुर्थिके ॥
तत्काले च व्रतं मुख्यं त्वद्युक्तं भवतु प्रियं ॥
न वियोगो भवेत् भक्ताः प्रियेऽन्नजल वर्जिताः ॥
उपासते च तेषांत्वं संकष्ट हरणं कुरु ॥
प्रहरान्पंच मद्भक्ताः प्रियेन्न जल वर्जिताः ॥
उपासते च तेषां त्वं संकष्ट हरणं कुरु ॥
चतुर्विधं स्व संकष्टं जन्ममृत्युश्च कर्मजं ॥
व्रतिनां तत्फलं कर्म विद्यते न कदाचन ॥
इह भुक्त्वाखिलान्भोगानंते स्वानंदमाप्नुयात् ॥
संकष्ट हरणी नाम भवेत्तव चतुर्थिके ॥
न करोति चतुर्थिं चेन्नरो मद्भक्ति कारकः ॥
निष्फलं सकलं तस्य भजनं वै भविष्यति ॥
त्वां त्यक्त्वा ये नराः पापा व्रत मन्यच्च कुर्वते ॥

व्रतादिकं निष्फलकं तेषां सर्वं भाविष्यति ॥
वर्णाश्रमस्थको भूत्वा चतुर्थीं न करोति चेत् ॥
तस्य सर्वं स्वधर्मस्थं कर्मयन्निष्फलं भवेत् ॥
यति रात्रो निराहार युक्तः सन् व्रतमाचरत् ॥
संकष्ट हरणं देवी स्वानंदार्थं न संशयः ॥
अन्यैश्च द्विज संयुक्तै भोजनं द्विज साक्षिकं ॥
रात्रो कर्त्तव्य मे तस्मिन् मांमपूज्य वरानने ॥

मौद्गले पु. खं. ४ अ. २

અર્થ—હે કૃષ્ણા ચતુર્થિ!!! તને હું કૃષ્ણચતુર્થિના રોજ ચન્દ્રોદય સમયે પ્રાપ્ત થયો છું. તેથી તે કાળનું જ આ વ્રત છે. તેથી તે યુક્ત તું છે. તેજ દીવસે અન્નજળને ત્યાગ કરી વ્રત કરનાર ભક્તને પ્રભુવિયોગ કદાપિ રહેતો નથી. એવી ઉપાસનાથી તેનાં સર્વ પ્રકારનાં સંકષ્ટ નાશ થાય છે. ચતુર્થિના રોજ પંચ-પ્રહરના ત્યાગ સાથે અન્ન જળને ત્યાગ કરી વ્રત કરનારનાં સર્વ પ્રકારનાં સંકટ નાશ પામે છે—વ્રત કરનારનાં ચાર પ્રકારનાં સંકષ્ટનો નાશ કરનાર આજ વ્રત છે—આ વ્રત કરનાર સર્વ સંકટના નાશથી અખીલ ભોગોને ભોગવી અંતે સ્વાનંદને પામે છે તેથી તારૂ નામ સંકષ્ટ હરણી ચતુર્થિ છે—મારી ભક્તિ કરનાર જો કોઇ ચતુર્થિ વ્રત કરતો નથી. તો તેનું ભજન સર્વ નિરર્થક છે—ચતુર્થિનું વ્રત છોડીને અન્ય વ્રત કરનારનાં તમામ વ્રતો મિથ્યા નિષ્ફળજ છે. વર્ણાશ્રમને વિષે રહેનાર સનાતન વેદ ધર્મિ બંધુઓ જો ચતુર્થિનું

વ્રત કરતા નથી. તો તેના પોતાના સ્વધર્મને વિષે સ્થિત એવાં કર્મો નિષ્ફળ છે એમ જાણવું સંન્યાસીએ ચતુર્થિના દિવસે આખો અપવાસજ કરવો. તેથી તે વ્રત તેમને સ્વ સ્વાનંદ પદને આપનારૂં છે–અન્ય વર્ણાશ્રમી જનો એ દ્વિજયુકત દ્વિજની સાક્ષીયુક્ત ચંદ્રોદયમાં શ્રી પ્રભુનું પૂજન કરી ભોજન લેવું એવો વિધિ છે–ધર્મ અર્થ કામ અને મોક્ષનું ફળ ચતુર્થિ વ્રતને આધિન છે.

આથી સમજાશે કે એકલા ગણપતિ ભકતોએજ ઉભય ચતુર્થિનું વ્રત કરવું એમ નથી યાવત્ વર્ણાશ્રમ ધર્મને માન્ય કરનારા સુબંધુઓએ પણ આ વ્રત ગમે તે પંથ મતના આગ્રહ વાડામાં પ્રવેશ પામ્યા હોય તો પણ કરવુંજ જોઇએ. એવો સનાતન ધર્મનો સિદ્ધાન્ત છે–ઉભય ચતુર્થિઓનું વ્રત કરવાને માટે–નારદ પુરાણમાં –પદ્મપુરાણમાં, ભવિષ્ય પુરાણમાં–સ્કંદ પુરાણમાં–ગણેશ પુરાણમાં બ્રહ્મ વૈવર્ત્ત પુરાણ આદિ ઘણાં પુરાણોમાં પ્રમાણસિદ્ધજ છે. બન્ને ચતુર્થિના કાળ નિર્ણયને માટે પણ ઉપરના પુરાણોમાં બહુજ સિદ્ધાન્ત વર્ણવેલા છે. પણ આ યુરોપીય યુદ્ધને લીધે કાગળોની મોંઘવારીથી ઉદાર ધર્માત્મા પુરૂષોના હાથ તણાયેલા રહે છે. જેથી પ્રભુ કૃપારૂપે આગળ ઉપર તેનો સ્વિકાર થશે.

શુકલા ચતુર્થિએ શ્રી મહા ગણપતિનો જન્મ ગણાય છે. તેમાં ભાદ્રપદ શુકલ ચતુર્થિએ સર્વથી શ્રેષ્ટ ગણેશ જયંતિ ગણાય છે તેને માટે નિચે પ્રમાણે પ્રમાણ છે.

भाद्र शुक्ल चतुर्थ्यां वै शंकरस्य हृदि प्रभुः ॥
प्रादुर्बभूव मध्यान्हे ध्यानजः ससुतो भवत् ॥

तदादि सा तिथि मुख्या बभूव जन्मधारिणी ॥
गणेशस्य न संदेहो ब्रह्मभूय पद प्रदा
सृष्ट्यादौ पंच देवेशैः स्थापिता मूर्ति रुत्तमा ॥
मयुरे गणनाथस्य मध्यान्हे भाद्रगेतिथौ ॥
मयुरेशावतारो भाद्रपदे यो बभूवसः ॥
मध्यान्हे शंकर गृहे चतुर्थ्यां शुक्र पक्षके ॥
तस्यां ये मृन्मयीं मूर्तिं पूजयंति नरादयः ॥
देवा शंकर मुख्याश्च महोत्सव परायणाः ॥
मध्यान्हे पूजनं प्रोक्तं गणेशस्य विशेषतः ॥
उपोषण समायुक्तै श्चतुर्थ्यां व्रतकारिभिः ॥
पंचम्यां पारणं कृत्वा द्विजैः सहमहामते ॥
मूर्तितां मृन्मयीं पूज्यां विसृज्यनिनयेज्जलं ॥
चतुर्थ्यां मृन्मयीं मूर्तिं भाद्रे येनार्चयन्तिचेत् ॥
तेषां निष्फल रूपं वै कर्म सर्व भविष्यति ॥
चतुर्थ्यां सर्व वर्णस्थै भाद्रे पूज्यो गजाननः ॥
मृन्मयो विघ्न हिनास्ते भवंति सफल क्रियाः ॥

श्री मौद्गले पु. खं. ४ अ. ७

અર્થ—ભાદરવા માસની શુકલા ચતુર્થિના રોજ શ્રી કૈલાસ વાસી સત્વ સ્વરૂપ શ્રી સદાશિવશંકરના હૃદય દેશમાં તેમની ઇચ્છ

ઉપાસનાથી મધ્યાન્હ સમયે ધ્યાનાવસ્થામાં પૂત્ર સ્વરૂપે ૐકાર સ્વરૂપ શ્રીમહા ગણપતિ મહારાજ પ્રાદુર્ભૂત થયા. તે પ્રભુની જન્મતીથી જયન્તિ કહેવાય છે—અને તે તીથી ગણેશ વ્રતોમાં મુખ્ય છે—અને તે ચાર મુક્તિથી પરે બ્રહ્મભૂય-સિદ્ધિને આપનાર છે—સૃષ્ટિના આરંભ પહેલાં પાંચ દેવોએ અસુર સંહારણાર્થ આ અવતારીક ગણનાથની મૂર્તિ મયુરક્ષેત્રમાં ભાદ્રપદ માસની ચતુર્થિએ મધ્યાન્હ સમયે પ્રસ્થાપિત કરેલી છે. તે મયુરેશ્વર અવતારનું પૂજન ભાદ્રપદ માસની શુકલા ચતુર્થિએ અત્યાર પર્યંત ત્યાં થાય છે અને મહાન્ યાત્રા ભરાય છે. મયુરેશ્વર ક્ષેત્ર પુનાની પાસે **મોરગાંવ** ગામે સતારા લાઇન ઉપર ઝીંઝુરી સ્ટેશને ઉતરી જવાય છે. અને ચાર યુગનું તે શ્રીમહાગણપતિનું સ્થાન અત્યંત પ્રાચીન છે—દર ભાદ્રપદ ચતુર્થિએ ત્યાં લાખ બેલાખ માણસોનો મેળો ભરાય છે. દક્ષિણમાં તેનો મહિમા વિશેષત્વે છે—ત્યાં તે દિવસે મૃતિકાની મૂર્તિ કરી. શંકર ગૃહે થયેલા અવતારનું પૂજન કરે છે—અને તે દિવસે દેવોમાં મુખ્ય એવા શ્રીસદાશિવ શંકરને આદ્ય લઇને તમામ દેવો તે મહોત્સવમાં ભાગ લે છે. ત્યાં તેમનું મધ્યાન્હ સમયે વિધિયુકત પૂજન થાય છે. અને ચતુર્થિનું વ્રત કરનારા યાવત્ મનુષ્યો તે દિવસે અપવાસ કરે છે. પંચમીને દિવસે પારણાં કરી બ્રાહ્મણસહ અન્ન પ્રસાદ લેવાનો વિધિ છે. તે પછી મૂર્તિનું રૂડા પ્રકારે પૂજન કરીને તેનું વિસર્જન કરી તે મૃતિકાની મૂર્તિ જળમાં પધરાવે છે. ભાદ્રપદની શુકલા ચતુર્થિના રોજ મૃતિકાની મૂર્તિરૂપે શ્રીગણેશનું જે પૂજન કરતો નથી તેના સર્વ કર્મો નિષ્ફળ છે એમ જાણવું. સનાતન વૈદિક ધર્મને માન્ય કરનારા સર્વ વર્ણના જનોએ મૃતિકાની મૂર્તિ

કરીને ભાદરવાની ચતુર્થિના રોજ પૂજન કરવું તેથી તે વિઘ્ન હિન થઇ સર્વ ક્રિયામાં સાફલ્યતા મેળવે છે ઇત્યાદિ.

આ વિધિ આખા ભારત વર્ષમાં સનાતન વૈદિક ધર્મના સર્વ વર્ણાશ્રમી પુરૂષો અત્યાર પર્યંત સેવે છે. દક્ષિણ દેશમાં યાવત્ મનુષ્ય માત્ર ચતુર્થિ વ્રત કરી મૃન્મયી મૂર્તિનું પૂજન કરે છે. એ વિધિ મુંબાઇ પુનામાં જોવા જેવો અને સનાતન સિદ્ધાન્તની રમ્યતા દરસાવે છે ગુજરાતમાં માત્ર વડોદરામાં યથાસ્થિત મહિમા સાથે શ્રીગજાનનનું પૂજન વરઘોડા વિગેરે થાય છે. એ શિવાય અમદાવાદ ભરૂચ સુરત વિગેરે મહાન્ શહેરોમાં પણ યથાવિધિ થાય છે.

મયુરેશ્વર ક્ષેત્રમાં અત્યાર પર્યંત એવો મહિમા છે કે તે ગામમાં વસનાર ચાણ્ડાલાદિક પણ અને યવનાદિક પણ દર માસની ચતુર્થિઓ કરે છે—માત્ર બે વર્ષના છોકરાથી નાનાં છોકરાં કરતાં નથી બાકી સર્વ કોઈ કરે એવો મહિમા ચાલુજ છે.

ભાદરવા સુદી ૪ કે દરેક માસની શુદી ચતુર્થિનો અપવાસ છે. અને તેનાં પારણાં પંચમીને દિવસે છે. એવો શાસ્ત્ર નિર્ણય છતાં. કેટલાંએક સ્થાનોમાં વિદ્વાનોની ખોટને લીધે. અગર શાસ્ત્ર પ્રમાણ ન સમજાયાની ખોટને લીધે. ભાદરવા શુદી ૪ ના રોજ મૃતિકાની મૂર્તિ કરી પૂજન કરવાનો રિવાજ છે ખરો પણ તે દિવસે—બ્રાહ્મણ ભોજન અગર પોતે ભકતોને અન્નપ્રસાદ લેવાનો નિષેધ કર્યો છે છતાં ધર્મશાસ્ત્રથી ઉલટું કરી ચતુર્થિના રોજ બ્રાહ્મણ ભોજન કરે છે—એ શાસ્ત્ર વિરૂદ્ધ અનાચાર છે—તે ઉપર સમસ્ત ગુજરાતમાં વસતા ચાતુર્વર્ણ્ય સજ્જન બંધુઓનું ધ્યાન

ખેંચવામાં આવે છે કે દર માસની શુકલા ચતુર્થિએ અને ખાસ કરી ભાદ્રપદી શુકલા ચતુર્થિએ દેવ નૈવેદ્ય અન્ન કરવું નહિં. તેમ તે દિવસે શ્રીમહાગણપતિના ઉપાસક ભકતોએ અન્ન પ્રસાદ લેવો નહિં તેમ બ્રાહ્મણ પ્રસાદ ભોજન પણ કરવું નહિં. શાસ્ત્ર પુરાણોના પ્રમાણોથી અજ્ઞાત રહેલા બ્રાહ્મણોએ શાસ્ત્ર સિદ્ધાન્તથી જાગ્રત થવું જોઇએ. શાસ્ત્રથી અને પ્રમાણોથી અજ્ઞાન રહેવા વડે ચાતુ-ર્વર્ણ્યના બ્રાહ્મણાદિ ભક્ત સજ્જનો પોતાના ધર્મ કર્મમાં અત્યંત વિઘ્નો ભોગવે અને પોતાના આત્માના હિતરૂપ સિદ્ધાન્તોની મર્યાદા સેવે નહિં. તો તેઓ અનેક પ્રકારે દુઃખી થાય તેથી જાગૃતિ ધર-વાની જરૂર છે. એમ સમજી આ સંપૂર્ણ સિદ્ધાન્ત બહાર પાડવાની આવશ્યકતા ધારી છે.

અજ્ઞાત બ્રાહ્મણો બ્રાહ્મણાદિ અન્ય વર્ણને ત્યાં સદરહુ ભાદ-રવા સુદી ૪ ના રોજ મૃતિકાની મૂર્તિનું રૂડા પ્રકારે પૂજન અંધ શ્રદ્ધાયુક્ત માત્ર ઉપાધ્યાય રૂપે કરાવે. પણ તે દિવસે અન્ન પ્રસાદ દેવને પણ ધરાવાય નહિં. તેમ ભકતજનોથી તથા ઉપાધ્યાયથી પણ અન્ન પ્રસાદ લેવાય નહિં. આમ સમજવું જોઇએ. છતાં એક બે જગોએ આ શાસ્ત્ર વિધિ પ્રમાણે કહેવામાં આવતાં તે વિદ્વાન ગણાતા બ્રાહ્મણોના મુખથી જવાબ મળ્યો કે અમો તો પરંપ-રાથી આમ કરતાજ આવ્યા છીએ કે ચતુર્થિના રોજ દેવનૈવેદ્ય કરીએ છીએ અને ભકતોને તે અન્ન પ્રસાદ લેવાને પણ આજ્ઞા કરીએ છીએ પણ દેવપૂજનનો વિધિ શાસ્ત્રપુરાણ પ્રમાણથી છે તેવો દેવનૈવેદ્ય અને બ્રાહ્મણ ભોજનનો વિધિ પણ શાસ્ત્રપુરાણ પ્રમાણોથી હોવો જોઇએ કે "**નાભિપુરાણ**" ના કલ્પિત પ્રમા-

ણોથી મન મંતવ્ય રૂપ ચાલે કે ! ! બ્રાહ્મણોએ શાસ્ત્રપુરાણના અધ્યયનથીજ કર્મ પ્રકાશમાં આણ્યું છે. તો તે કર્મવ્રતો અને તેનો વિધિ પણ શાસ્ત્ર પ્રમાણ પ્રસિદ્ધિમાં લાવવો જોઇએ. તેમ નહીં થાય તો બ્રાહ્મણોની અજ્ઞાનતા ખુલ્લી રીતે દર્શનમાં આવે. તેથી બચાવ કરવાનો આ ઉપદેશ છે તે ધ્યાનમાં આવશે.

ભાદ્રપદ માસમાં આ મર્યાદા સંભાળવાને વિશેષ પ્રમાણ છે કે—

उपासते श्रावणेमां नाना यत्न परायणाः ॥
उपोषण युता भाद्रे चतुर्दिनानि मानवाः ॥
समारभ्य प्रतिपदं चतुर्थ्ये तं मदर्चनम् ॥
चतुर्थ्यां जागरं कुर्यात्पंचम्यां पारणं तथा ॥
यथाशक्ति द्विजान्भोज्य दद्याद्विपुल दक्षिणाम् ॥
सं सर्व सुख माभोज्यांते स्वानंद मवाप्नुयात् ॥

श्री मौद्गले पु. खं. ८ अ. २०

શ્રી મહા ગણપતિની ઉપાસના કરનાર પરમ ભક્ત પુરૂષોએ શ્રાવણ માસમાં સારી રીતે એક માસ બ્રહ્મચર્ય આદિ નાના પ્રકારના પ્રયત્નથી આદર સહિત યથા સાધનપૂર્વક ઉપાસના ભક્તિથી પ્રભુપુજન કરવું. અને ભાદરવા સુદી ૧ ના રોજથી ચતુર્થિ પર્યંત ઉપોષણ એટલે ચાર દીવસના અપવાસ કરવા. અને પ્રભુ શ્રી મહાગણપતિનું પૂજન અર્ચન કરવું. ચતુર્થિને દીવસે મૃતિકાની મૂર્તિ રૂપની પૂજા કરીને તે દિવસે જાગરણપૂ-

ર્વક રાત્રીએ ભજન કીર્ત્તન કરવું જોઇએ. પછી પંચમીને દિવસે પારણાં કરવાં અને તેજ દિવસે યથાશક્તિ બ્રાહ્મણભોજન કરી દાન દક્ષિણા આપવી. એમ કરનાર આ જગતમાં અનેક પ્રકારનાં સુખો ભોગવીને શ્રી મહા ગણપતિના સ્વાનંદ લોકને બ્રહ્મભૂય સિદ્ધિપૂર્વક પ્રાપ્ત થાય છે. અર્થાત બ્રહ્મભૂય-બ્રહ્મ સ્વરૂપતાને પામે છે આવાં સેંકડો પ્રમાણો ભાદ્રપદ શુકલા ચતુર્થિના માટે ઉપવાસ કરવાને અને પંચમીને દિવસે પારણાં કરવાને છે તેમ દરેક માસની શુકલા ચતુર્થિને માટે પણ તેમજ પ્રમાણુ છે એમ સમજવું જોઇએ.

આ પ્રમાણો શ્રી મહા ગણુપતિના ઉપાસકોને અવસ્ય જરૂરના છે. શિવ વિષ્ણુ આદિના ઉપાસકોને જરૂરના નથી. એમ સનાતન વૈદિક ધર્મના અભેદ સિદ્ધાન્ત રૂપ પંચાયતનની અભેદ ઉપાસનાને માન્ય ન કરનારા અને આગ્રહી શિવ વિષ્ણુ આદીની ઉપાસના કરનારાઓ કદાપી બોલતા હોય તો તેમના વિચારની ખામી છે. અને મતમતાંતરના આગ્રહી બળથી તેમ બોલે છે એમ જાણવું. કારણ શિવ આદિના આગ્રહી ઉપાસકને પણ-કોઇ પણ વેદોક્ત કે પુરાણોક્ત કર્મ કરતાં આદીમાં નિર્વિઘ્નતા સિદ્ધયર્થ શ્રીમન્મહા ગણાધિપતિનું પૂજન કરવું વેદ શાસ્ત્રપ્રમાણથી આવશ્યકજ છે. માટે વેદ સનાતન ધર્મની મર્યાદા પ્રમાણે શિવ વિષ્ણુ આદિના ઉપાસકોને પણ શ્રી મહા ગણપતિની ઉપાસના અને તેમનું પૂજન અર્ચન વ્રત અવસ્ય માનનીય છે એમ જાણવું. અને એવી રીતેજ અભેદ ઉપાસના જાણવી. આમ અભેદ ઉપાસનાનું પ્રમાણુ છે કે—

शिव विष्णौ च शक्तौ च सूर्ये मयि नराधिप
याऽभेद बुद्धि योगःस सम्यक् योगो मतो मम.

गणेश पुराणे.

શિવમાં, વિષ્ણુમાં, સૂર્યમાં, શક્તિમાં અને શ્રી મહા ગણપતિ કહે છે કે મારામાં જે પુરૂષ અભેદ બુદ્ધિયોગ ધારણ કરે છે. તે રૂડા પ્રકારનો અભેદ યોગ છે. એવો મારો મત છે. આ ઉપરથી ભક્તજનોને સમજાશે કે અન્ય ઉપાસ્ય પુરાણોમાં આવો અભેદ યોગ ખુલ્લે ખુલ્લી રીતે પંચાયતનની સમતાનો બતાવ્યો નથી. પણ શ્રી ગણપતિના પુરાણોમાં સ્પષ્ટ રીતે પંચાયતનની સમતા વર્ણવેલી છે–તે ધ્યાનમાં આવશે.

વળી શ્રી પુરાણોપનિષદી મૌદ્ગલપુરાણમાં (દ્વિજો)–બ્રાહ્મણાદિ ત્રીવર્ણના ધર્મ એવી રીતે જાણવા માટે લખ્યા છે કે—

पंचायतन पूजां वै तथाग्नेः सेवनं परं ॥
द्विजानां नित्य मेतत्ते कथितं सर्व संमतं ॥
विघ्न रूपं महाघोरं परत्रेह च बंधकं ॥
ब्रह्म मार्गस्य संरोध कारकं विद्धि सर्वदा ॥
तं जये द्विघ्न राजस्य पूजनेन नरोत्तमः ॥
विघ्नार्थे शंकरं सोपि पूजयेन्नित्य मादरात् ॥

यशोर्थं केशवं चैवारोग्यार्थं रविं मंजसा ॥
सौभाग्यार्थं नरस्तद्वत्पूजयेज्जगदंबिकां ॥

मौद्गल पु. खं. ५-४२

વેદ સનાતન ધર્મ મર્યાદાના બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય **સજ્જન** ભક્તોએ પંચાયતન પૂજા અને અગ્નિનું સેવન કરવું જોઇએ. આ વાત સર્વ શાસ્ત્ર સંમત છે. પરલોકમાં અને આ લોકમાં બંધન રૂપ જે મોહ, અહંકાર, મમતા દ્વૈત, દ્વંદ્વ આદિ શત્રુઓથી બ્રહ્મમાર્ગનું રોધન થાય છે. કે જેઓ પોતાના બ્રહ્મ સ્વરૂપમાં અભેદતા કરવામાં આડા આવે છે એવા ઉપર બતા વેલા વિઘ્નરૂપ શત્રુઓ અત્યંત ઘોરરૂપ છે. તેમના વિજયને માટે વિઘ્નના પતિ એવા વિઘ્નરાજ—ગણરાજ—વિઘ્નહરણ મહા ગણપતિની ઉપાસના નિત્ય કરવી. તત બ્રહ્મ સ્વરૂપ ૐકારાકૃતિ પરમાત્મા પરબ્રહ્મના પૂજનવડે માણસ ઉત્તમ પ્રકારના અધિકારને પ્રાપ્ત કરી આખરે "**सब्रह्मभूयाय कल्पते**" બ્રહ્મભૂય ઇષ્ટસિદ્ધિને પામે છે. તેમજ બ્રહ્મવિદ્યાની પ્રાપ્તિને માટે શંકરની ઉપાસના કરવી. આવી રીતેજ ઉત્તમ યશ પ્રાપ્ત કરવાને વિષ્ણુની ઉપાસના કરવી. નિત્ય આરોગ્ય રહેવાને સૂર્યની અને સૌભાગ્યને માટે જગદંબા માતાની ઉપાસના કરવી—આમ સ્પષ્ટ જણાવે છે કે સનાતન વૈદિક ધર્મિ બ્રાહ્મણોને આગ્રહી નામની ઉપાસના કરવાની નથી. પંચાયતન અભેદ ઉપાસનાજ કરવી જોઇએ.

આ વિષયમાં વિશેષ જરૂર પડેથી ખુલાસો કરતાં યોગ્ય મર્યાદાથી હિત કર્ત્તા શાસ્ત્ર પુરાણ પ્રમાણથી ખુલાસો આપવાને હરકત નથી.

આ શુકલા અને કૃષ્ણા ચતુર્થિનું વ્રત શ્રી મહા ગણપતિના ઉપાસકોને માટે એમ નહિં પણ સનાતન વૈદિક વર્ણાશ્રમ ધર્મને માન્ય કરનારા યાવત્ સજ્જનોને માટે છે. સનાતન વૈદિક ધર્મને પાળનારા સજ્જનો પૈકીના બ્રાહ્મણો બહુમતે પંચાયતન રાખતા છતાં પ્રેમ ભક્તિથી સદાશિવ શંકરને સેવે છે. તેથી તે શૈવ માર્ગી નથી. આગ્રહી શૈવ માર્ગ તે જુદો છે અને તે દક્ષિણમાં ઘણે ભાગે શિવ કાંચી આદી કેટલાએક પ્રદેશમાં છે. વળી લીંગાયતની જનો તે આગ્રહી શિવ માર્ગી ભક્તો છે પણ આપણે તેવા આગ્રહી શૈવો નથી એમ સ્પષ્ટ જાણવું. તેમજ વૈષ્ણવાદિકને માટે સમજવું એટલે આપણે શિવ પૂજન કરીએ એ આપણો ધર્મજ છે. તેમ પંચાયતન પૂજા તો દરેક બ્રાહ્મણના ઘરોમાં કાયમજ છે અને આપણા સનાતન ધર્મ પ્રમાણે આપણા ઘરોમાં નિત્ય નૈમિત્તિક પ્રસંગે થતાં કર્મો પંચાયતન પૂજાના યોગ્ય અનુક્રમ પૂર્વક પ્રથમ ગણપતિનું પછી શિવનું પછી વિષ્ણુનું પછી સૂર્યાદિનું અને તે પછી દેવી આદિ ક્ષુદ્ર દેવતાઓનું પૂજન કરીએ છીએ. એટલે આપણે આગ્રહી શૈવો કે આગ્રહી વૈષ્ણવો કે આગ્રહી ગાણપત્યો નથી આગ્રહી તો તેજ કે જે પોતાના ઇષ્ટનેજ માને અને પૂજન કરે બીજા ચારનું નામ સરખું પણ લે નહીં અને પૂજન પણ કરે નહિં. એવા અંધ પુરૂષો આગ્રહી ગણાય. એટલા માટે આપણે સનાતની છીએ. જેથી શિવની ચતુર્દશી પણ કરીએ છીએ. વિષ્ણુની દ્વાદશી પણ કરીએ છીએ. સૂર્ય ચન્દ્રની પૂર્ણિમા પણ કરીએ છીએ, માતાજીની અષ્ટમી પણ કરીએ છીએ. અને ગણપતિ મહારાજની ચતુર્થિઓ પણ કરીએ છીએ. આથી આપણને ભેદ

નથી. શનીનો શનીવાર સૂર્યનો રવીવાર, મંગળવાર, સોમવાર વગેરે દેવને પ્રસંન્ન કરવા માટેજ કરીએ છીએ. એટલે આપણે આગ્રહી_નથી પણ યાવત્ વર્ણાશ્રમી બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, શુદ્રો સનાતની છીએ એ વાત નિષ્કલંકજ છે.

ભાદરવા સુદી ૪ ના રોજ દેવ નૈવેદ્ય ન થાય અને તે દિવસે યાવત્ સનાતન વૈદિક ધર્મિજનોએ દેવ નૈવેદ્ય ન લેવાય એને માટે વિચાર કરવો ઘટીત છે. શિવ પૂજનના પ્રેમી ભક્તો શિવ વ્રત. દરેક માસની કૃષ્ણ ચતુર્દશી (૧૪) ના રોજ મધ્યરાત્રીના મહા પૂજન પૂર્વક અપવાસ કરી કરે છે અને બીજે દીવસે પારણાં કરે છે. શિવરાત્રીના વ્રતને દિવસે યાવત્ સનાતની શિવ જયંતિ કરે છે તે અમાવાસ્યાનુંજ પારણું કરે છે. તેમ જન્માષ્ટમી એ કૃષ્ણ જયંતિ છે. તે દિવસે અપવાસ કરે છે અને નવમીનાં પારણાં કરે છે, માતાજીની અષ્ટમીનો અપવાસ કરે છે અને નવમીનાં પારણાં કરે છે. રામજયંતી રામનવમી કરી તે દિવસે અપવાસ કરીને દશમીનાં પારણાં કરે છે તેવીજ રીતે આ ગણપતિ મહારાજની ગણેશ જયંતિનો અપવાસ કરીને પંચમીનાં પારણાંજ કરવાં જોઇએ—કેમકે પંચાયનનની જયંતિઓ અત્યાર પર્યંત સનાતન વૈદિક ધર્મની અનુકુળ મર્યાદાએ યાવત્ મનુષ્યો કર્યાજ કરે છે. માત્ર આગ્રહી લોકો મિથ્યાવાદી બુદ્ધિથીજ નહીં કરતા હોય તો તે એક અપવાદ રૂપજ જાણવું. માટે જયંતિને દિવસે અપવાસ કરવોજ જોઇએ એ સ્વતઃ સિદ્ધજ છે. અજ્ઞાતજનોએ અત્યાર પર્યંત શાસ્ત્રવિચારની અપૂર્ણતાએ તેવી ભુલોને માન્ય આપ્યું હોય તો તેથી તેને પકડી રાખવી એવી અયોગ્યતા સર્વત્ર ત્યાજય છે.

અમારી પેઢીથી આમ ચાલે છે. એમ કહેવું અયોગ્યજ છે. બાપના વખતમાં ઘરમાં ચોરાદિના ભયથી બારીઓ મુકી નહોતી પણ અંગ્રેજ સરકારના રક્ષણમાં નિર્ભયપણે સ્વચ્છ રીતે ખુલ્લી હવા લેવા માટે સુધારો થતોજ ચાલે છે તેમ શાસ્ત્ર વિચાર બતાવનાર મળે તો તે વખતે સુધારો કેમ ન કરવો?? અને એવો મિથ્યા શાસ્ત્રહિન વિચાર શા માટે પકડી રાખવો?? તેનો વિચાર પોતાનું કલ્યાણ ઇચ્છનારાઓએ અવશ્ય કરવો. ચતુર્થિ વ્રત સર્વ વ્રતોમાં ઉચ્ચ સ્થાને છે. એ વાત તો નિર્વિવાદજ છે અને તે વ્રતો દરેક સનાતની જનો કરતાજ ચાલે છે. માટે તે વિષે વિશેષ જણાવા સરખું નથી. માટે ઉપર પ્રમાણે શાસ્ત્ર પ્રમાણ સમજી સનાતન મર્યાદા સેવવી જોઇએ. એવો શ્રેષ્ટ ધર્મ છે. શિવના વ્રતો શિવ પુરાણમાં લખ્યા પ્રમાણે કરવાં જોઇએ તેમ વિષ્ણુનાં વ્રતો વિષ્ણુના પુરાણોમાં વર્ણવ્યા પ્રમાણેજ કરવાં જોઇએ—દેવીનાં વ્રતો દેવી પુરાણાદિકમાં વર્ણવ્યા પ્રમાણેજ કરવાં તેમજ ગણપતિ મહારાજનાં વ્રતો ગણેશ પુરાણ મુદ્‍ગલ પુરાણ કે જે તેમના સ્વરૂપને માટે મુખ્ય પુરાણો છે તેમાં લખ્યા પ્રમાણેજ આચરવાં જોઇએ—એવો સનાતની ધર્મ છે.

ઉભય ચતુર્થિના કાળ નિર્ણયની કોઇ કોઇ વખતે તકરાર પડે છે તેમ તે સબંધે શાસ્ત્રાર્થ નિર્ણયસિંધુમાં કેટલાક છે પણ ખરા. પણ તેથી વિશેષ જરૂરીયાત પ્રસંગને માટે તે કાળનિર્ણયને માટે અત્રે શ્રી ઇષ્ટસ્થાનમાં લખી પુછવામાં આવશે તો તેનો યોગ્ય ખુલાસો થશે શ્રી મહાગણપતિ સબંધીના યાવત્ વિષયને માટે શાસ્ત્રાર્થ લખેલો તયારજ છે જો કોઇ ઉદાર ધર્માત્માને તે

છપાવી પ્રસિદ્ધ કરવાની ઇચ્છા હશે તો તે લખી જણાવેથી યોગ્ય કરવામાં આવશે અગર છેલ્લે કાગળોની સોંઘવારી થતાં તે છપાવવાનો વિચારજ છે.

વળી ભાદ્રપદ શુકલા ૪ ને બીજે દીવસે ઋષિ પંચમીનું વ્રત આવે છે. ચતુર્થિ વ્રતના કરનારા ભક્તોને પંચમીને દિવસે પારણાં કરતાં દેવ નૈવેદ્ય પ્રસાદ શી રીતે લેવો ?? કેમકે ઋષિ પંચમીના વ્રતને દિવસે નહિં ખેડેલી જમીનમાં ઉગેલું શાક લેવાનો વિધિ છે. પણ આ ઋષિ પંચમીનું વ્રત માત્ર સાત વર્ષજ કરવાનું છે. અને ઉપાસના કર્મ તો આખી જીંદગાનીને માટે છે. તસ્માત પંચમીનાં પારણાં નિર્બાધ સમજવાં—ઉપાસક ભકતોએ દેવનૈવેદ્ય પ્રસાદ અવશ્યજ પોતાના ઇષ્ટની માન્યતા પૂર્વકજ ગૃહણ કરવાનો છે—એટલે સાત વર્ષ પછી અગર ઇષ્ટ પ્રસાદની અવગણના નકરવા રૂપે તે ભક્ત પુરૂષો નિર્દોષિતજ છે. એમ જાણવું. પછી સ્વેચ્છા—ઇતિ શિવમ્.

“ ॐ तत् सत् ”

